GJNV110005122025

| | | | | |
|---|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | : | ૦૨ – ૦૭ – ૨૦૨૫ | | |
| નોંધ્યા તારીખ | : | ૦૨ – ૦૭ – ૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ | : | ૦૬ – ૦૪ – ૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૯ | ૦૪ |

## ફોર્મ–એ

**આંક : –**

| મે.વઘઈના જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.વઘઈ<br>**[ચુકાદાની તારીખ : ૦૬/૦૪/૨૦૨૬]**<br>**[ફોજદારી કેસ નંબર : ૪૦૮/૨૦૨૫]**<br>(વઘઈ પોલીસ સ્ટેશને ગુના રજીસ્ટર નંબર : ૧૧૨૧૯૦૦૭૨૫૦૧૩૮/૨૦૨૫) | |
|---|---|
| ફરિયાદી | સરકારશ્રી, |
| ફરિયાદ પક્ષે રજૂઆત | વિધ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી એચ.સી. બાગુલ |
| આરોપી | **વિનેશભાઇ સુભાષભાઇ પવાર**<br>ઉ.આ. ૨૩ વર્ષ, ધંધો : ખેતી,<br>રહેવાસી : ભેંસકાતરી, તા.વઘઈ, જિ.ડાંગ. |
| બચાવ પક્ષે રજૂઆત | વિધ્વાન વકીલશ્રી યુ.ટી.માહલા |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૭/૦૪/૨૦૨૫ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ | ૧૭/૦૪/૨૦૨૫ |
| આખરી અહેવાલ | ૦૨/૦૭/૨૦૨૫ |
| તહોમતનામુ / પ્લી ઘડયા તારીખ | ૦૨/૦૭/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૧૬/૦૭/૨૦૨૫ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૦૩/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૬/૦૪/૨૦૨૬ |
| આખરી હુકમ | આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકેલ છે. |

## આરોપીની વિગત:

| આરોપીનું અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિતીની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વિનેશભાઇ સુભાષભાઇ પવાર | ૧૭/૦૪/૨૦૨૫ | ૧૭/૦૪/૨૦૨૫ | પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧) | શંકાનો લાભ આપી છોડી મુક્યા | – | – |

## <u>ફોર્મ–સી</u>

## ફરિયાદી/ બચાવ / ન્યાયલયના સાક્ષીની યાદી

### એ. ફરિયાદ પક્ષ

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| P.W.1 Ex-5 | સંદિપભાઇ રાજમભાઇ ભોયે | પંચ સાહેદ |
| P.W.2 Ex-7 | ચંદ્રકાંતભાઇ મંગળભાઇ ભોયે | પંચ સાહેદ |
| P.W.3 Ex-10 | ડૉ. વંદનાબેન ચંદ્રકાંતભાઇ પટેલ | તબીબશ્રી |
| P.W.4 Ex-13 | અરવિંદભાઇ જાનુભાઇ દેશમુખ | તપાસ કરનાર અમલદાર |

## ફરિયાદી / બચાવ / ન્યાયાલયના આંકની યાદી

### એ. ફરિયાદ:

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | Ex-6 | શરીર સ્થિતિનું પંચનામુ |
| ૨ | Ex-9 | ફરિયાદ |
| ૩ | Ex-11 | ફોર્મ–એ |
| ૪ | Ex-12 | ફોર્મ–બી |

## -: ચુ કા દો :-

**(૧)** ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી વિનેશભાઇ સુભાષભાઇ પવાર નાઓ તારીખ : ૧૭/૦૪/૨૦૨૫ ના રોજ કલાક ૧૮-૫૦ વાગ્યાના સુમારે ભેંસકાતરી ફોરેસ્ટ નાકા પાસે જાહેરમાં ગેરકાયદેસર વગર પાસ પરમિટે કેફી પીણું પીધેલી હાલતમાં લવારા બકવાસ કરતા પકડાઇ જઇ , ફરિયાદીએ આ કામે આરોપી વિરુધ્ધ વઘઈ પોલીસ સ્ટેશને ગુના રજી.નં. ૧૧૨૧૯૦૦૭૨૫૦૧૩૮/૨૦૨૫ થી ગુનો નોંધાયેલ છે. જે ફરિયાદના આધારે તપાસ કરનાર અમલદારે બનાવની તપાસ કરી, બનાવ બાબતે પંચનામુ કરી લાગતા વળગતા સાહેદોના નિવેદન નોંધી આરોપી વિરુધ્ધ પૂરતા પુરાવા જણાઈ આવતા અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

**(૨)** ત્યારબાદ, આરોપીને સદર કામે સમન્સ કાઢવામાં આવેલ અને આરોપી હાજર થતા પોલીસ પેપર્સની નકલો પૂરી પાડયા બાદ આંક-૩ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ ત્યારબાદ આરોપીનો જવાબ આંક -૪ થી નોંધવામાં આવેલ. જેમા આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા આરોપી વિરુધ્ધ આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન ફરિયાદ પક્ષ ધ્વારા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ થયેલ છે.

**(૩)** ઉપર મુજબનો પુરાવો રજૂ થયા બાદ સદર કામના આરોપીનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ તથા બંને પક્ષકારોની દલીલોના અંતે મારા ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

### -: મુદ્દા:-

૧. શું ફરિયાદ પક્ષ નિ: શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી વિનેશભાઇ સુભાષભાઇ પવાર નાઓ તારીખ : ૧૭/૦૪/૨૦૨૫ ના રોજ કલાક ૧૮-૫૦ વાગ્યાના સુમારે ભેંસકાતરી ફોરેસ્ટ નાકા પાસે જાહેરમાં ગેરકાયદેસર વગર પાસ પરમિટે કેફી પીણું પીધેલી હાલતમાં લવારા બકવાસ કરતા પકડાઇ જઇ, ધી પ્રોહિબીશન એકટની કલમ- ૬૬(૧)(બી), ૮૫(૧) મુજબનો ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

**(૪)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે મુજબ આપેલ છે અને તેના કારણો

ત્યારપછીના આપેલ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

## -: કા ર ણો :-

**(૫)** ફરિયાદ પક્ષ તરફે પંચ સાહેદ સંદિપભાઇ રાજમભાઇ ભોયે નાઓને આંક– ૫ થી તથા પંચ સાહેદ ચંદ્રકાંતભાઇ મંગળભાઇ ભોયે નાઓને આંક–૭ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ જણાવે છે કે, બનાવ કઈ તારીખે બનેલો તેની તેઓને ખબર નથી. વઘઇ પોલીસના બોલાવવાથી મોજે કાલીબેલ ગામે પોલીસે એક તૈયાર કાગળ ઉપર તેમની સહી લીધેલી. તેઓની રૂબરૂ પોલીસે કોઈ પંચનામું કરેલ હોય કે તેની વિડીયોગ્રાફી કરી ઈ–સાક્ષ્ય એપ્લીકેશનમાં અપલોડ કરેલ કે કેમ તેની તેમને ખબર નથી. સદર પંચ સાહેદોએ આંક–૦૬ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે.

વિ.એ.પી.પી.શ્રીએ સદર પંચ સાહેદોને અદાલતની પરવાનગીથી હોસ્ટાઈલ જાહેર કરાવી ઉલટ તપાસ કરવા છતાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલી નથી. બચાવ પક્ષના વિ.વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ એ વાત કબૂલ રાખેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી. પંચનામામાં શું વિગતો હતી તેની તેઓને ખબર નથી.

**(૬)** ફરિયાદ પક્ષે સાહેદ ડો. વંદનાબેન ચંદ્રકાંતભાઇ પટેલ નાઓને આંક– ૧૦ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેણી પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેણી સી.એચ.સી. વઘઈમાં છેલ્લા એક વરસથી મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. તા.૧૭.૦૪.૨૦૨૫ ના રોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વઘઈ ખાતે ફરજ બજાવતી હતી. તે દરમ્યાન તેણી સમક્ષ તા.૧૭.૦૪.૨૦૨૫ ના સાંજે ૦૭ : ૨૫ વાગે વઘઈ પો.સ્ટે.ના એ.એસ.આઈ. અરવિંદભાઈ જાનુભાઈ, બ.નં.૪૫૨ દ્વારા એક ઈસમ નામે વિનેશભાઈ સુભાષભાઈ પવાર નાઓને આલ્કોહોલ પરીક્ષણ માટે લાવવામાં આવેલ હતા. તે દિવસે સાંજે ૦૭ :૩૫ વાગે તેમની શારીરીક તપાસ કરતાં તેમના શ્વાસમાં આલ્કોહોલની વાંસ આવતી હતી. તેમની ભાષા સામાન્ય હતી. તેમની ચાલ સ્થીર હતી, આંખની કીકીઓ પહોળી થયેલી હતી. તેમના લોહીનો નમુનો પૃથ્થકરણ તપાસ માટે લાવેલા આવેલ હતા. તેણીના અભિપ્રાય મુજબ ઉપરોકત વ્યકિત આલ્કોહોલ લીધેલ હતો અને તેની અસર હેઠળ હતો. તેમને

એમ.એલ.સી.નં– ૧૮૭/૨૦૨૫ વાળુ ફોર્મ "એ" બતાવવામાં આવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. જેને આંક–૧૧થી રજૂ રાખવામાં આવેલ છે. આ લોહીનું સેમ્પલ નીચે પ્રમાણે લેવામાં આવેલ. લોહીનું સેમ્પલ લેવા માટે ડીસ્પોઝીબલ સીરીજ અને નીડલનો ઉપયોગ કરવામાં આવેલ શરીરના જે ભાગમાંથી લોહીનુ સેમ્પલ લેવામાં આવેલ હતુ ત્યાં એન્ટીસેપ્ટીક તરીકે નોર્મલ સલાઈનનો ઉપયોગ કરવામાં આવેલો. દર્દીના ડાબા હાથના કોણીના ભાગેથી લોહી લેવામાં આવેલ. લોહીના નમુના લેવાની તમામ પ્રક્રિયા દરમ્યાન શરીરના કોઈ પણ ભાગમાં આલ્કોહોલ કે તેના સોલ્યુશનનો સ્પર્શ થયેલ નથી. લીધેલ લોહીનો નમુનો સોડિયમ ફલોરાઈડ અને ઈડીટીએ વેકયુટીમાં લેવામાં આવેલ અને તેને હલાવામાં આવેલ. લોહીનો નમુના માટે કુલ–૫ સીસી બ્લડ દર્દીનું લેવામાં આવેલ. સોડિયમ ફલોરાઈડ અને ઈડીટીએ વેકયુટી પર લેબલ અને હોસ્પીટલનો શીલ લગાવામાં આવેલ તેમજ તેના ઉપર નામ, ઉંમર અને સરનામું લખવામાં આવેલ અને તેને "ફોર્મ બી" ડાયરેકટરશ્રી એફએસએલ પોલીસ ભવન ગાંધીનગર ખાતે રજી. પોસ્ટ પાર્સલ તા. ૨૨/૦૪/૨૦૨૫ ના રોજ કરેલ. જે ફોર્મ "બી" રજૂ કરેલ છે. જેને આંક–૧૨ થી રજૂ રાખેલ છે. ત્યાંથી તેનું લોહીના નમુનાનુ પૃથકરણ થઈને આવેલ નથી.

બચાવ પક્ષના વિ.વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ એ વાત કબૂલ રાખેલ છે કે, સદર કામે ફોર્મ "સી" પૃથક્કરણ થઇને આવેલ નથી. એ વાત કબૂલ રાખેલ છે કે, ફોર્મ "સી" આવેલ ન હોવાથી આરોપીએ કેટલા પ્રમાણમાં આલ્કોહોલ લીધેલ તે તેઓ ચોક્કસ કહી શકે નહીં.

( ૭ ) ફરિયાદ પક્ષે તપાસ કરનાર અમલદાર અરવિંદભાઈ જાનુભાઈ નાઓને આંક– ૧૩ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ જણાવે છે કે, વઘઈ પોલીસ સ્ટેશનના બાતમી નંબર : ૧૧૨૧૯૦૦૭૨૫૦૧૩૮/૨૦૨૫ થી પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧) મુજબની હકીકત તેમના રૂબરૂ જાહેર કરતા ગુનો દાખલ થઇ તપાસ તેઓની રૂબરૂ આવતા તેઓએ તપાસ સંભાળી લઇ સાહેદોના નિવેદનો લીધેલા તથા આંક–૦૬ વાળુ પંચનામું કરેલ. આરોપી સામે ચાર્જશીટ કરવા માટે પૂરતા પુરાવા જણાતા અત્રેની કોર્ટમાં ચાર્જશીટ કરેલી.

બચાવ પક્ષના વિ.વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ એ વાત કબૂલ રાખેલ છે કે, પંચોના માણશો હોમગાર્ડના માણસો છે. એ વાત કબૂલ રાખેલ છે કે,

ચાર્જશીટ સાથે ફોર્મ "સી" રજૂ રાખેલ નથી.

(૮) ઉપરોકત, પુરાવાની છણાવટ કરીએ તો આ કામે આરોપી સામેના આક્ષેપો જોતા ડોકટર મહત્વના સાહેદ ગણી શકાય. જેથી સદર કામે આંક– ૧૦ થી ડો. વંદનાબેન ચંદ્રકાંતભાઇ પટેલ નાઓને સોગંદ ઉપર તપાસેલા છે જેઓની જુબાની ધ્યાને લેતા, ફોર્મ–એ માં જણાવેલ અભિપ્રાયમાં સદર આરોપી આલ્કોહોલની અસર તળે હોવાનું જણાવેલ છે. દર્દીનું લોહીનું સેમ્પલ લઈ ફોર્મ–બી ડાયરેકટરશ્રી એફ.એસ.એલ. પોલીસ ભવન, ગાંધીનગર ખાતે રજી.પોસ્ટ પાર્સલ તારીખ : ૨૨/૦૪/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ. પરંતુ, ત્યાંથી <u>દર્દીનું લોહીનું પૃથ્થકરણ થઈને આવેલ નથી</u>. વધુમાં તેઓ ઉલટતપાસમાં સ્વીકારે છે કે, સદર કામે ફોર્મ ''સી'' પૃથક્કરણ થઇને આવેલ નથી. વધુમાં એ વાત કબૂલ રાખેલ છે કે, ફોર્મ ''સી'' આવેલ ન હોવાથી આરોપીએ કેટલા પ્રમાણમા આલ્કોહલ લીધેલ તે હુ કહી શકુ નહી. આમ, દર્દીનું લોહીનું પૃથ્થકરણ સમય–મર્યાદામાં થયેલ નહી તેમજ દર્દીના લોહીમાં કેટલા પ્રમાણમાં આલ્કોહોલ હતુ તે સાબિત થઈ શકેલ નથી. જે રૂલ્સ–૪(૨) મુજબ પ્રોસીજર કરેલ નથી. જે ફરિયાદ પક્ષના કેસમાં એક મહત્વનો ખામીયુકત પુરાવો છે અને તે ખામીનો લાભ આરોપીને મળવાપાત્ર છે. આ તમામ હકીકતો તથા ડોકટરશ્રીની રજૂ થયેલ જુબાની ધ્યાને લેતા, આરોપીની તપાસ કરનાર ડોકટરે રૂલ્સ–૪ ના નિયમો મુજબ લોહી લેવાની કાર્યવાહી કરેલ છે કે કેમ તે હકીકત સાબિત થતી નથી. જે ધ્યાને લેતા, રૂલ–૪ ની મેન્ડેટરી જોગવાઈનો ભંગ થયેલ છે. આમ, ડોકટરશ્રી ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહી જોતા મેડીકલ એકઝામીનેશન અને લોહીના નમૂના લેવાની રીતથી રૂલ્સ–૪ માં કરવામાં આવેલ મેન્ડેટરી જોગવાઈનો સ્પષ્ટપણે ભંગ થયેલ છે. જેનો લાભ આરોપીને મળવાપાત્ર છે. વધુમાં, આ કામે રજૂ રાખેલ ફરિયાદ બચાવપક્ષે કબૂલ રાખેલ હોય ફરિયાદીને તપાસેલા નથી. આ કામે તપાસેલ તપાસ કરનાર અમલદાર કે જેઓ પોલીસના માણસો છે અને હિત ધરાવનાર સાહેદો છે તેઓની એકલાની જુબાની પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં. તેમજ શરીર સ્થિતિના પંચનામાના પંચ સાહેદોએ પણ ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય, જેથી આરોપી સામેનો ગુનો પુરવાર થઈ શકે તેવા કોઈ આવશ્યક તત્વો રેકર્ડ પર પુરવાર થતા નથી. વધુમાં આરોપી સામેનો ગુનો પુરવાર કરવા બાબતે કોઈ પુરાવાઓ સદર કામે મળી આવેલ નથી. જે હકીકત પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિ:શંકપણે નિષ્ફળ ગયેલ હોય તેવુ અદાલતનુ માનવું છે.

(૯) આમ, ઉપરોકત પુરાવો નજર સમક્ષ રાખતા આ કામના આરોપીએ ધી ગુજરાત

દારૂબંધી કાયદાની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની હકીકત સાબિત થતી ન હોઈ, આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવા મૌખિક તથા સાંયોગિક પુરાવાના અભાવે તેમજ ફરિયાદ પક્ષ આરોપી વિરુધ્ધની હકીકતોનો કેસ સાબિત કરવામાં સફળ થયેલ ન હોઈ, મુદ્દા નં.૧ નો જવાબ 'નકાર' માં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુબજનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુ ક મ ::**

**૧.** આ કામના આરોપી વિનેશભાઈ સુભાષભાઈ પવાર, ઉ.આ. ૨૩ વર્ષ, ધંધો : ખેતી, રહેવાસી : ભેંસકાતરી, તા.વઘઈ, જિ.ડાંગ નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩, ની કલમ–૨૭૧(૧) અન્વયે પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનાના આક્ષેપમાંથી શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩, ની કલમ–૪૮૧ મુજબ આરોપીના જામીન તથા જાત મુચરકો અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તારીખ : ૦૬ ઠ્ઠી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

Date : ૦૬–૦૪–૨૦૨૬

Place : વઘઈ

**(પ્રકાશ એસ. રૌંદલ)**
જ્યુડી. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, વઘઈ
(જી.જે.૦૧૪૩૭)